## He will do of you what He wants ...
## તેઓ ઇચ્છે છે એવા તમને બનાવશે ...

Above all words, above all thoughts in the luminous silence of an aspiring faith give yourself totally, unreservedly, absolutely to the Supreme Lord of all existences and He will do of you what He wants you to be.

With love and blessings
- The Mother

**5.3.1966**

સર્વ શબ્દોની પાર, સર્વ વિચારોની પાર, એક અભીપ્સામય શ્રદ્ધાની દ્યુતિમય શાંતિમાં, તમારું સર્વસ્વ સંપૂર્ણતયા, મુક્તપણે અને નિ:શેષભાવે સર્વ અસ્તિત્વોના પરમ પ્રભુને અર્પણ કરો અને તેઓ તમને જેવા બનાવવા ઇચ્છે છે એવા બનાવશે.

પ્રેમ અને આશીર્વાદ સાથે
- શ્રી માતાજી

૫-૩-૧૯૬૬

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨.✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **August 2019**

**https://themothersprosperity.org**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2019**
**AUGUST**
૧ ઑગસ્ટ, ૨૦૧૯

**—— and He will do... ——**
**— અને તેઓ બનાવશે... —**


Above all words, above all thoughts in the luminous silence of an aspiring faith give yourself totally, unreservedly, absolutely to the Supreme Lord of all existences and He will do of you what He wants you to be. With love and blessings

**5.3.1966**

**- The Mother**

## ... as Thou hast willed
## ... તારા સંકલ્પ પ્રમાણે

**O MY** beloved Lord, how sweet it is to think that it is for Thee and Thee alone that I act! It is at Thy service that I am; it is Thou who dost decide and ordain and set in motion, guide and accomplish the action. What peace, what tranquillity, what supreme delight come with the feeling and perception of this! For it is enough to be docile, plastic, surrendered, attentive, in order to let Thee act freely; no longer then are any errors or faults, any lack or insufficiency possible, for what Thou hast willed Thou doest and Thou doest it even as Thou hast willed it. ...

- The Mother

**હે મારા** પ્રિયતમ પ્રભુ, હું તારા માટે અને કેવલ તારા માટે જ કર્મ કરી રહી છું એ વિચાર કરવામાં કેટલી તો મધુરતા અનુભવાય છે! હું તારી સેવામાં મૂકાઈ ગઈ છું; એ કર્મનો નિર્ણય તું કરે છે અને તે માટે આજ્ઞા કરે છે અને તેને ગતિમાં મૂકે છે, તું એ કર્મનું દિગ્દર્શન કરે છે અને તેને સિદ્ધ કરે છે. આ વસ્તુનું મને દર્શન થાય છે, સંવેદન થાય છે ત્યારે મને કેવી તો શાંતિ, કેવો તો પ્રશાંતભાવ, કેવો તો પરમ આંનદ મળી આવે છે! તું મુક્તભાવે કાર્ય કરી શકે તેટલા માટે અમે વિનમ્ર, ઋજુ, સમર્પિત, ધ્યાનમય બની રહીએ તો એ પૂરતું થઈ રહેશે; એ પછી કોઈ ભૂલો, ખામીઓ અથવા કોઈ પણ રીતનો અભાવ કે અધૂરપ રહેવા પામશે નહિ. કેમકે તેં જે સંકલ્પ ક્ર્યો હોય છે, તે તું કરે છે, અને તે તું તારા સંકલ્પ પ્રમાણે કરી લેતો હોય છે.

- શ્રી માતાજી

from Prayers and Meditations - October 10, 1918 / પ્રાર્થનાઓ અને ધ્યાનમાંથી - ૧૦ ઑક્ટોબર ૧૯૧૮

## Thy Will in us ...
## તારી ઇચ્છા અમારામાં ...

**Glory** to Thee, O Lord, who triumphest over every obstacle.

**Grant** that nothing in us shall be an obstacle in Thy work. ~

**We stand** here before Thee that Thy will may be fulfilled in us, in every element, in every activity of our being, from our supreme heights to the smallest cells of the body. ~

**Grant** that everything in us may collaborate in Thy work and all be ready for Thy realisation. ~

**Give** us a faith active and ardent, absolute and unshakable in Thy Victory.

- The Mother

**હે વિઘ્નમાત્રના વિજેતા**, તારો જય હો, પ્રભુ!

**અમારી અંદર** કશું પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.~

**તારી સમક્ષ અમે** આવ્યાં છીએ એટલા માટે કે તારી ઇચ્છા અમારામાં સિદ્ધ થાય, અમારા એકેએક તત્ત્વમાં, અમારી એકેએક પ્રવૃત્તિમાં, અમારી ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરોથી માંડી અમારા શરીરના નાનામાં નાના અણુ સુધી. ~

**અમારામાંની** પ્રત્યેક વસ્તુ તારા કાર્યમાં સહકાર આપો. તારા સાક્ષાત્કાર માટે સર્વ કંઈ તૈયાર થાઓ. ~

**તારા વિજયમાં અમને** શ્રદ્ધા આપ, જીવંત અને જ્વલંત, અનન્ય અને અચલ.

- શ્રી માતાજી

from Prayers and Meditations - October 23, 1937 / પ્રાર્થનાઓ અને ધ્યાનમાંથી - ૨૩ ઑક્ટોબર ૧૯૩૭